# દૂરવર્તી શિક્ષણ

જે શાળાઓમાં ગણિત,વિજ્ઞાન અને અંગ્રેજી વિષયના શિક્ષકો ઉપલબ્ધ નથી તે શાળાઓના વિદ્યાર્થીઓની વિષયમાં રહેતી કચાશ દૂર કરવી. **દૂરવર્તી શિક્ષણ** કાર્યક્રમ દ્વારા શૈક્ષણિક સાધનોની અધૂરપ પૂર્ણ કરવી. વિસ્તાર–વિસ્તાર અને શાળા–શાળા વચ્ચેનો તફાવત દૂર કરવો. વિદ્યાર્થીઓને એક સમાન શૈક્ષણિક તકો પૂરી પાડવી.

હેતુઓ

- પ્રાથમિક શિક્ષણમાં વર્તમાન ટેકનોલોજિનો ઉપયોગ કરવો અને વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ આપવું.
- બાયસેગના માધ્યમથી ગણિત,વિજ્ઞાન અને અંગ્રેજી વિષયના પાઠનું પ્રસારણ કરવું.
- જે શાળાઓમાં ગણિત,વિજ્ઞાન અને અંગ્રેજી વિષયના શિક્ષકો ઉપલબ્ધ નથી તે શાળાઓના વિદ્યાર્થીઓની વિષયમાં રહેતી કચાશ દૂર કરવી.
- દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમ દ્વારા શૈક્ષણિક સાધનોની અધૂરપ પૂર્ણ કરવી.
- વિસ્તાર–વિસ્તાર અને શાળા–શાળા વચ્ચેનો તફાવત દૂર કરવો.
- વિદ્યાર્થીઓને એક સમાન શૈક્ષણિક તકો પૂરી પાડવી.
- વિદ્યાર્થીઓની અધ્યયન ક્ષમતામાં વધારો કરવો.
- ***EBB***-શૈક્ષણિક પછાત તાલુકાના વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રવાસની તક આપવી.

પ્રવૃત્તિઓ

- ધોરણ 3 થી 8 ના વિદ્યાર્થીઓ દૂરવર્તી શિક્ષણ કાર્યક્રમથી લાભાન્વિત થાય છે. સાથે સાથે તેઓને રાજ્યકક્ષાના તજજ્ઞોનું પણ માર્ગદર્શન મળી રહે છે.
- EBB- શૈક્ષણિક પછાત તાલુકાના વિદ્યાર્થીઓને તકનીકી દ્વારા શિક્ષણ મળી રહે તે હેતુથી આ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો.
- જીસીઈઆરટી દ્વારા આ કાર્યક્રમ વર્ષ 2010 માં શરૂ કરવામાં આવ્યો. જેમાં શરૂઆતમાં ગણિત, વિજ્ઞાન અંગ્રેજી વિષયનું શિક્ષણ પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિકના વિદ્યાર્થીઓ માટે શરૂ થયું.
- DTH-Direct To Home પ્રણાલી દ્વારા ધોરણ 5 થી 8 ના બધા વિષયોના અગાઉથી રેકોર્ડિંગ થયેલા એપિસોડનું પ્રસારણ કરવામાં આવે છે.
- દર વર્ષે કુલ 17520 એપિસોડનું પ્રસારણ થાય છે જેની માહિતી CM-Dash Board પર મૂકવામાં આવે છે.
- DTH-TV ના માધ્યમથી શિક્ષણનું સાર્વત્રિકરણ થાય છે.
  - માનનીય પ્રધાનમંત્રીનું સ્વપ્ન: વર્ષ 2014
  - પ્રધાનમંત્રી કાર્યાલય દ્વારા પ્રાયોગિક ધોરણે પ્રસારણને મંજૂરી: વર્ષ 2014
  - વંદે ગુજરાત 16 ચેનલ્સ: વર્ષ 2014-15
  - સ્વયંપ્રભા 32 ચેનલ (હાલ 34): વર્ષ 2016
  - PM e-Vidya (34 માંથી 12) ચેનલ: વર્ષ 2020
- શરૂઆતમાં આ કાર્યક્રમ માત્ર સરકારી શાળાઓ માટે શરૂ કરવામાં આવ્યો હતો પરંતુ હવે બધા પ્રકારની પ્રાથમિક શાળાઓ લાભાન્વિત થાય છે. જેને નીચેના માધ્યમોથી જોઈ શકાય છે.
  - VANDE Gujarat
  - Swayam Prabha
  - PMeVIDYA
  - DigiShala
  - DD Channel

• JIO TV App

VANDE GUJARAT Channels:-

| Channel | Programmes |
|---|---|
| VANDE Gujarat 1 | Departmental Training |
| VANDE Gujarat 2 | Health |
| VANDE Gujarat 3 | Skill Development |
| VANDE Gujarat 4 | Agriculture, Home Dept. |
| VANDE Gujarat 5 | Std. 1 to 5 |
| VANDE Gujarat 6 | Std. 6 |
| VANDE Gujarat 7 | Std. 7 |
| VANDE Gujarat 8 | Std. 8 |
| VANDE Gujarat 9 | Std. 9 |
| VANDE Gujarat 10 | Std. 10 |
| VANDE Gujarat 11 | Std. 11 |
| VANDE Gujarat 12 | Std. 12 |
| VANDE Gujarat 13 | Higher Education |
| VANDE Gujarat 14 | Diploma Engineering |
| VANDE Gujarat 15 | Degree Engineering |

| | |
|---|---|
| ***VANDE Gujarat 16*** | ***BAOU*** |

લાભાર્થી

## લાભાર્થી

**• જ્યાં રિસિવીંગ સુવિધા ઉપલબ્ધ હોય તે ઊચ્ચ પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ.**

**• ગાંધીનગર ખાતે ત્રણ દિવસીય શૈક્ષણિક પ્રવાસનો લાભ લેતાં અંતરિયાળ વિસ્તારની શાળાઓના વિદ્યાર્થીઓ .**

સિદ્ધિઓ

- **રાજ્યમાં નવા પાઠ્યપુસ્તકો અમલી બનતા તે મુજબ પ્રવૃત્તિ આધારિત અધ્યયન પ્રક્રિયાનો સમાવેશ જરૂરી હોય, દૂરવર્તી કાર્યક્રમમાં તેનું સફળતાપૂર્વક અમલીકરણ થયું.**
- **આ વર્ષે બધા જ કાર્યક્રમનું પ્રસારણ સમયપત્રક મુજબ કરવામાં આવ્યું. એક પણ કાર્યક્રમ રદ્દ કે પછીથી પ્રસારિત થયો નથી.**
- **કેટલાક કાર્યક્રમોમાં *'Beyond The Textbook'* થીમ આધારિત પ્રસારિત થયા જેના દ્વારા વિદ્યાર્થીઓને વિષયમાં રસ કેળવાયો. શિક્ષકો અને વિદ્યાર્થીઓને આવા કાર્યક્રમોને પસંદ કર્યા**
- **કાર્યક્રમ વિશે અભિપ્રાય જાણવા *SMS* પ્રણાલિનો ઉપયોગ થયો. ઘણા શિક્ષકોએ કાર્યક્રમની ગુણવત્તા વધે તેવા અભિપ્રાયો/ મંતવ્યો મોકલ્યા.**
- **વિધાનસભાના સેક્શન ઓફિસરે સારો રસ દાખવી પૂરા વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓને વિધાનસભા અંગે માહિતી આપી**
- **તજજ્ઞ શિક્ષકોએ માર્ગદર્શન માટે પોતાનો આત્મસંતોષ વ્યક્ત કર્યો.**